# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 40-August 2007 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૪૦ - ઓગસ્ટ ૨૦૦૭ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## આપણે રેસિસ્ટ છીએ ?



હમણાં એક નિવૃત્ત પ્રોફેસર ગુજરાતથી આવેલા. પરદેશમાં વસેલા ગુજરાતીઓમાંથી જેમણે નોકરી, ધંધા કે સમાજસેવામાં નોંધપાત્ર પ્રગતિ કરી હોય એવા ગુજરાતીઓ વિષે તેઓ પુસ્તક લખતા હતા. તેમને કોઈએ મેલબર્નમાં મારો સંપર્ક કરવાનું સૂચવેલું એટલે સિડનીથી તેમણે મને ફોન કર્યો અને શક્યતઃ એવા નોંધપાત્ર ગુજરાતીઓ સાથે તેમની મુલાકાત ગોઠવવાનું કહ્યું. વાતચીતને અંતે તેમણે ઉમેર્યું, 'એ અલગઅલગ જ્ઞાતિના હોય તેમ રાખજો. બધા લોહાણા, નાગર કે વાણિયા ન હોવા જોઈએ.' મેં જ્યારે તેમને કહ્યું કે અમે અહીં કોઈની જ્ઞાતિ જાણવાનો પ્રયત્ન કરતા નથી ત્યારે તેઓ નિરાશ થયા. મને પણ થયું કે જો તેઓ આવા સંકુચિત વિચારના હોય તો તેમનું કામ કરવાની ના પાડી દઉં. તેઓ મેલબર્ન આવ્યા પછી પણ જે કોઈ ગુજરાતી સાથે હું તેમની મુલાકાત ગોઠવી આપતો તેને માટે તેમનો પહેલો પ્રશ્ન એ જ હતો કે તે કઈ જ્ઞાતિના છે. જો કે તેમણે મને તેમનું પ્રગટ થયેલું એક પુસ્તક વાંચવા માટે આપ્યું તેમાં જોયું તો તેમણે જેમને વિષે લખેલું તેમાંના અર્ધા ઉપરાંત પટેલ જ હતા ! આ જ્ઞાતિવાદ છે તે એક પ્રકારનું 'રેસિઝમ' નથી ?

ઘણા વર્ષો પહેલાં ઓસ્ટ્રેલિયામાં 'વ્હાઈટ ઓસ્ટ્રેલિયા'ની પોલિસી હતી. ઓસ્ટ્રેલિયા મોટા ભાગે યુરોપથી જ માઈગ્રન્ટને લેતું. એટલે એક રીતે તે સમયની સાઉથ આફ્રિકાની સરકારની જેમ અહીંની સરકાર પણ 'રેસિસ્ટ' હતી તેમ કહી શકાય. યુરોપમાં તે સમયે પણ સમૃદ્ધિ ઘણી હતી એટલે ત્યાંથી કોઈ પ્રોફેસનલને અહીં આવવામાં રસ નહોતો. આથી કડિયા, સુતાર, લુહાર, ધોબી, કસાઈ(બુચર), રસોયા, વગેરે મજૂરવર્ગના લોકો જ યુરોપથી આવતા. તેમાં બીજા દેશો કરતાં ઈટલી અને ગ્રીસથી વધારે લોકો અહીં આવ્યા છે. તે સમયે ઓસ્ટ્રેલિયા ખેડૂતોનો દેશ કહેવાતો. ઓસ્ટ્રેલિયામાં સફેદ ઘઉં ઉગાડાતા જેમાંથી મેંદો વધારે પ્રમાણમાં બને જે બ્રેડ બનાવવાના કામમાં આવે. પણ તેમાંથી રોટલી, પરોઠા, જેવી વાનગીઓ બનાવીએ તો ન ભાવે. ઉપરાંત ગાય અને ઘેટાના ઉછેર માટે ઓસ્ટ્રેલિયા પ્રખ્યાત હતું.

૧૯૬૭માં વિએટનામમાં વોર થઈ ત્યારે ત્યાંની દુર્દશાથી ભાગવા માટે વિએટનામીઝ લોકો નાનીમોટી જે પણ બોટ મળે તેમાં બેસીને ઓસ્ટ્રેલિયા તરફ આવવા લાગ્યા. આ 'બોટ રેફ્યુજી'ના ધસારાને ઓસ્ટ્રેલિયાની સરકાર ખાળી શકે તેમ ન હતી. ઉપરાંત આ વોરમાં તે અમેરિકા સાથે ભાગીદારીમાં હોવાથી આ લોકોની દુર્દશા માટે કંઈક અંશે તે પણ જવાબદાર હતી. દર વર્ષે એક લાખથી વધારે વિએટનામીઝ બોટમાં બેસીને આવતા હતા. આ લોકોને અંગ્રેજી તો નહોતું આવડતું પણ ઘણા તો ભણેલા પણ નહોતા, એટલે કે પોતાની ભાષા પણ લખીવાંચી નહોતા જાણતા. દરેકને નોકરી ન મળે ત્યાં સુધી ભરણપોષણ માટે સરકાર તરફથી પૈસા મળે. સરકારને ટેક્ષ મળે નહિ અને ઉપરથી ખર્ચ ! સરકારની તિજોરી ખાલી થાવા માંડી. તેમના બાળકોને ભણાવવા માટે પૂરતા શિક્ષકો પણ ન હતા. ઉપાય એક જ હતો. તેમને નોકરી આપી શકે તેવા પ્રોફેસનલો અને ભણાવી શકે તેવા શિક્ષકોની આયાત કરવી. અને તે ભારતમાંથી સહેલાઈથી મળી શકે તેમ હતા. પરંતુ ભારતિયો 'વ્હાઈટ'માં ન ગણાય. એટલે સરકારને તેમની પોલિસીમાં ઢીલ મૂકવી પડી. અને ભારત તેમજ એશિયાના બીજા દેશોમાંથી ડોકટર, એન્જિનિયર, એકાઉન્ટન્ટ, કેમિસ્ટ, શિક્ષક, વગેરેને, સારી લાયકાતવાળાને ઓસ્ટ્રેલિયા આવીને વસવાની પરવાનગીઓ આપવાનું શરૂ કર્યું. 'રેસિઝમ'નો અંત આવ્યો અને 'મલ્ટિકલ્ચરિઝમ'ની સ્થાપના થઈ.

પુરાણકાળમાં લોકો તેમની આવડત માટે ઓળખાતા અને તે બધી આવડતો મુખ્ય ચાર પ્રકારમાં વહેચાયેલી, જે આપણી 'વર્ણ વયવસ્થા' બની. તે સમયે કડિયાકામ કરનાર 'કડિયો' કહેવાતો. હવે કડિયાનો દીકરો મોટે ભાગે તેના બાપ પાસેથી કડિયાકામ શીખે તો તે 'કડિયો' જ કહેવાય. પણ જો તેને સુતારીકામમાં રસ વધારે હોય તો તે 'સુતાર' બની શકે અને જો સારા બાંધાનો હોય અને કસરતબાજ હોય તો લશ્કરમાં જોડાઈને 'ક્ષત્રિય' બની શકે. ને જો બહુ બુદ્ધિશાળી હોય તો શાસ્ત્રનો અભ્યાસ કરીને 'બ્રાહ્મણ' પણ બની શકે. આમ તે સમયે કડિયાનો દિકરો ક્ષત્રિય કે બ્રાહ્મણ બની શકે અને બ્રાહ્મણનો દિકરો કડિયો બની શકે તેવી શક્યતા હતી.

પણ આમાં કોઈ 'સર્ટિફિકેટ' આપવાની વ્યવસ્થા ન હતી એટલે વસ્તિ વધારા સાથે લોકોની ઓળખાણ તેમની આવડતને બદલે તેમના જન્મના માબાપથી થવા માંડી અને ધીરેધીરે 'વર્ણ વ્યવસ્થા'નું રૂપાંતર થઈ આપણી અત્યારની 'જ્ઞાતિ વયવસ્થા' બની અને ત્યારથી આપણે પણ 'રેસિસ્ટ' બની ગયા તેમ કહી શકાય. હું માનું છું કે શ્રી રામનું રામરાજ્ય સમાપ્ત થયું પછી આ રૂપાંતરની શરૂઆત થઈ હશે અને શ્રી કૃષ્ણના સમયમાં તે પુરબહારમાં ફૂલીફાલી ગઈ હશે. કારણ તે સમયે આચાર્ય દ્રોણે એકલવ્યને ઉતરતી 'ભીલ' જ્ઞાતિનો ગણીને શસ્ત્રવિદ્યા આપવાની ના પાડેલી અને તે જ્યારે પોતાની બુદ્ધિમત્તા, આવડત અને ખંતથી એક કાબેલ બાણાવળી બની ગયો ત્યારે પણ તેને એક ક્ષત્રિય તરીકે સ્વીકારવાને બદલે, પોતાના કોઈ ક્ષત્રિય શિષ્ય કરતાં આ ભીલ જ્ઞાતિનો યુવાન આગળ ન વધી શકે તે માટે 'ગુરૂ દક્ષિણા'ને બહાને તેના જમણા હાથનો અંગૂઠો કપાવી નાખ્યો.. આમ એકલવ્ય 'રેસિઝમ'નો ભોગ બન્યો.

મહાભારતમાં બીજો એક દાખલો દાનેશ્વરી અને બાણાવળી કર્ણનો છે જે ત્રણ વખત આવા 'રેસિઝમ'નો ભોગ બનેલો ! શ્રી પરશુરામ બ્રાહ્મણ તરીકે શાસ્ત્રવિદ્યામાં નિપૂણ હોવા ઉપરાંત શસ્ત્રવિદ્યા પણ બહુ સારી જાણતા અને શસ્ત્રોના ઉપયોગમાં પણ કાબેલ હતા. પણ તે 'બ્રાહ્મણ' જ્ઞાતિના યુવાન સિવાય બીજા કોઈને પોતાની વિદ્યાનું શિક્ષણ આપવા તૈયાર ન હતા. એટલે કર્ણ એક 'બ્રાહ્મણ' બનીને તેમનો શિષ્ય બન્યો અને તેમની પાસેથી શસ્ત્રવિદ્યા શીખ્યો.. પણ જ્યારે પરશુરામને કર્ણની સાચી જ્ઞાતિની ખબર પડી ત્યારે તેને શ્રાપ આપ્યો કે જરૂરતને સમયે તે શસ્ત્ર ઉપયોગના બધા 'મંત્ર' ભૂલી જશે. હસ્તિનાપૂરમાં શસ્ત્રવિદ્યાની હરિફાઈ યોજવામાં આવેલી, તે સમયની 'ઓલિમ્પિક' કહી શકાય, ત્યારે પણ કર્ણને તેની શસ્ત્રવિદ્યાની નિપૂણતા માટે તેને એક ક્ષત્રિય તરીકે સ્વીકારવાને બદલે એક ઉતરતી જ્ઞાતિના 'સૂતપુત્ર' તરીકે ધૂતકારી કાઢવામાં આવેલો આમ તે બીજીવાર જ્ઞાતિવાદ આધારી 'રેસિઝમ'નો ભોગ બન્યો. દ્રોપદીના સ્વયંવરમાંથી પણ તેને એ જ રીતે ધૂતકારીને કાઢી મૂકવામાં આવ્યો હતો.

મહાભારતના સમય બાદ વિતેલા હજારો વર્ષ દરમિયાન આપણી વર્ણવ્યવસ્થામાં ખૂબ ફૂગાવો થયો છે અને તેણે અનિષ્ટ રીતરિવાજોથી ભરપુર જ્ઞાતિવ્યવસ્થાનું વિકૃત રૂપ ધારણ કર્યું છે. અને જેમ આર્થિક તંત્રના ફૂગાવાને કારણે તેના ચલણની કિંમત અને આબરૂ બંનેમાં ઘટાડો થઈ જાય છે તેવીજ દુર્દશા આપણી જ્ઞાતિ વ્યવસ્થાની થઈ ગઈ છે. કારણ કે આમાં પણ એક પ્રકારનો અદશ્ય 'રેસિઝમ' છૂપાયેલો છે.

### સુખની શોધ

સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે એટલે જ એકબીજા સાથે જોડાયેલા છે. જીવનનો સિક્કો ઊછળ્યા કરે તેમ સુખ પછી દુઃખ આવે અને દુઃખ પછી પણ સુખ આવવાનું જ. આટલું સમજી લે તે માણસ હંમેશાં સુખી રહી શકે.

સુખ માણસનો જન્મસિદ્ધ હકક છે. ધીરજ, આશા અને શાંતિ જાળવી રાખશે તેને જીવનની દરેક પરિસ્થિતિમાં સુખ અવશ્ય પ્રાપ્ત થશે.

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
છપાયેલી કૃતિ માટે કંઇ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**Subscriptions:**
Australia: Yearly, $15.00, 5 years 65.00
Pay to : Pravin Vaghani
Post: 4 Fiona crt. Glen Waverley Vic 3150
Or, Direct credit at bank or on internet:
BSB 063 587 A/c no. 1018-0401
UK: Yearly, £10.00, 5 years 40.00,
Pay to: Parivaar Communications, 'KUTIR'
C/- Vipul Kalyani – Editor 'OPINION'
4 Rosecroft Walk, Off Crawford ave.
WEMBLEY Middlesex HA0 2JZ UK
USA: Yearly US$12.00, 5 years $50.00
Pay to: Pravin C. Patel
80 Corona crt. Old Bridge NJ 08857
**Adopt a Library in Gujarat.**
Subscribe to 'MATRUBHASHA' and have it delivered to a library in Gujarat as your donation.

## ગું જ ન

### ⌘ મારી ગુજરાત, ગરવી ગુજરાત, વ્હાલી ગુજરાત ⌘

નર્મદ
જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત !
સુંદરમ્
ગુર્જરીના ગૃહ કુંજે
અમારી જીવન ગુંજે ગુંજે
ઉમાશંકર જોશી
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે
હસિત બુચ
ભરભર ખુદ છાતી, ઓ મારી ગુજરાત !
મા, તારું ઉપવન અણમૂલ, ઓ વ્હાલી ગુજરાત
ખબરદાર
ગુણવંતી ગુજરાત,
અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત !
અમારી ગુણવંતી ગુજરાત !
મનસુખલાલ ઝવેરી
તુ જ મહિમા શો ગાઉ, ગુર્જરી
તુજ મહિમા શો ગાઉ ?
ન્હાનાલાલ
ધન્ય હો ! ધન્ય જ પુણ્ય પ્રદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ

### ⌘ ડિલીટ ⌘

**'ચમન' ગુજરાત.**

કમ્પ્યુટર પર એને ને મારે મળવાનું થયું,
બાગ બગીચા વગર અમારે મળવાનું થયું
ઠંડી, ગરમી કે વરસાદની કોઇ ચિંતા નથી,
ઘરમાં બેસીને જ ગમે ત્યારે મળવાનું થયું.
એને મળવા માટે જૂઠ્ઠ બોલવું પડતું નથી,
'ઈમેલ'થી જ દિવસરાત મળવાનું થયું.
છબી એની મૂકી છે 'સ્ક્રીનસેવર' પર હવે,
દર્શન કરી નીત એની સાથે મલકવાનું થયું.
'આઈકોન' એડ્રેસનો છે હવે 'ડેસ્કટોપ' પર,
'ડબલક્લિક' કરી રોજ એને લખવાનું થયું.
થઈ જાય 'સર્વર' જ્યારે જ્યારે 'ડાઉન',
'કીબોર્ડ' પર થોડાક આંસુઓ પાડવાનું થયું.
વાતો એની 'સેવ' કરી કરી ખૂટી છે જગ્યા,
'હાર્ડ ડિસ્ક' એટલે તો બદલવાનું થયું.
'કોપી' ને 'પેસ્ટ' કરી સમય બગાડયો ઘણો,
મારા કેટલાક મિત્રો સાથે એને મળવાનું થયું.
'ઈમેલ' હવે એની કદી નથી આવતી 'ચમન',
દુઃખી દિલે બધુ 'ડિલીટ' કરવાનું થયું.

### ⌘ ઢોલ ઢબુક્યા ⌘

**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

ઢોલ ઢબુક્યા,
શરણાઈના સૂરે આફ્રત મહોરી
હૈયે ઉઠી ફૂક નવેલી,
હણહણ અશ્વો ઘેરી,
કાલાબોલી રમત ગોઠડી
ગીત ઉડાવી ચાલ્યો
અણખટ કેવો વાયરો આજે
પરવશતાણી વાયો !
ખીલું ખીલું થાતો ફૂણેરી
કૂંપળ નવી નવેલી
સૂડ ઝાલી પાંખ ભરીને
ડુંગર નદિયું વળોટી.
સીચાઇ પઈડે ભાગ્ય ગયું ને
નવરંગ રસ છલકાયો
માંડવનો ગુલમોર ભોમ આ
લાખ ફૂલડે હરખાયો.
દાદા, માડી, બાપ તણા
સૌ હેત ઉરે ઢબુરાયા
નવી હવામાં ફગ ફગ
ખીલ્યાં રેશમીયાં નવ સોણાં
અણજોયું આ જગ
વસી ગયું આંખમાં કાયમ આવી
મનના માળે નાવલિયાના
ટહુકલા ઉઠયા કલાપી

### ⌘ તું. .નથી ⌘

**મકરંદ**

આ નૂરવિહોણી દુનિયામાં
મેં એક જ નૂર સદા દીઠું,
એક પંખી ટહુકી ઉઠયું તો
લાગ્યું કે તું નારાજ નથી.
આ આગકટોરી ફૂલોની
પરદા કરી પોકાર કરે,
ઓ દેખ નમાઝી ! નેન ભરી,
જ્યાં લગની છે ત્યાં લાજ નથી.

### ⌘એક ભરવાડનો મનોરથ ⌘

**હરિહર ભટ્ટ**

હાલ્યની માહ્તર થાઇ, અરજણિયા
હાલ્યની માહ્તર થાઇ.
દિ બધો સીમમાં પાટકી પાટકીને
ઘરે આવીયે હાંજ હમે,
એના કરતાં ખુરહીમાં બેહી રેવું, ભાઇ,
ઈ તે કોને ના ગમે,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.
ગાયું સારિયું ને વળી ભેહું સારિયું ને
સારિયાં મોટાં મોટાં ઢોરાં,
એમાં તે હું મોટો મીર મારવો'તો
ઓલયં સારવા નાનકડા સોરાં,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.
ફડ દઈને ભાળ્યું, ડાંગે મારિયું તો
ડોબાં ય હાલે ઝટ,
ઈ ડાંગ આગળ સૌકરાંનાં દેન હું
ઈ તો હાલે હીધાં ફટ,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.
વેપારી માહ્તર ને ખેડુ ય માહ્તર
ને માહ્તર ભાણો ભુવો,
કાઢી મૂકેલ ઓલ્યો ટભલો ટપાલી
ઈ યે માહ્તર થઇ મૂવો,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.
હરાદ હરાવશું ને સોડિયું પૈણાવશું
ને વાંચશું હતનારાણની કથા,
પેટનો ગુજારો એમ કરી કાઢશું
આપણે બીજી હું પંચાત,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.
હાલતી નિહાળે સોરે બેહશું
ને વાતુંમાં કાઢશું દનિયાં
મોટા ગામમાં જો બદલી કરહે તો
રાખીશું બે હહણિયાં,
અરજણિયા, હાલ્યની માહ્તર થાઇ.

### ⌘ સહેલી નથી ⌘

**મંજુલા પારેખ, એડિનબરો, સ્કોટલેન્ડ**

જિંદગી ઉઠાવવી સહેલી નથી,
ફક્ત નનામી ઉઠાવવી સહેલી છે
જ્યાં સહારા માટે ઘાડુ ઘણા છે.
હું એકલી જિંદગીને કેવી રીતે ઉઠાવીશ ?
જ્યાં સહારામાં જ મોટી તિરાડ પડી છે.
શું જવાબ દઉ તને હું જિંદગી,
તું ચાલ મારી સાથે એકલી.
જ્યારે સહારો મળ્યો જિંદગીમાં
ત્યારે જિંદગીનો બોજો ઉઠાવવો સહેલો પડયો
જિંદગી હળવી ફૂલ જેવી બની ગઈ.
કાંટા પર ચાલવું મુશ્કેલ ન રહ્યું જિંદગીમાં,
કાંટાનો કાઢનાર મળી ગયો.
ખંધે ખંધા મિલાવીને જિંદગીમાં,
ચાલવાનો સહારો મળી ગયો જિંદગીમાં.

ચાલને સખી, જઈએ
દરિયાને છેડે
મેઘધનૂષ નીચે રમવા



**નવું પ્રભાત** **જયંતિ એમ. દલાલ, મુંબઈ.**

શરીરમાં કળતર અને માથું દુઃખવાથી પ્રશાંત સાંજના ઘરે વહેલો આવી ગયો. ડુપ્લિકેટ ચાવીથી દરવાજો ખોલીને અંદર આવી ગયો. ઉમા ઘરમાં ક્યાંય નહોતી. મનોમન ગુસ્સો આવ્યો. માથે બામ લગાડીને શયનખંડમાં જઈને પથારીમાં સૂઈ રહ્યો. મન બેચેન હતું. અત્યારે ઉમા ક્યાં ગઈ હશે ? મનોમન ધૂંધવાઈ ઊઠયો. સૂતાં સૂતાં એને એનો ભૂતકાળ એની નજર સામે તાદશ થયો.

પચીસ વરસ પહેલાંનો એ ગોઝારો દિવસ યાદ આવી ગયો. બાપુજી રસિકલાલ સાથે ધંધાને કારણે જીભાજોડી થઈ ગઈ અને ઉમા સાથે એ ઘરની બહાર નીકળી ગયો. ત્યારે લાડલો જય માત્ર બે વર્ષનો હતો. શરૂઆતનો સંઘર્ષકાળ એ હજી ભૂલ્યો નથી. પોતાની બુદ્ધિમતા અને પરિશ્રમને કારણે પ્રશાંતે આયાતનિકાશના ધંધામાં ઝંપલાવીને સારી એવી ધનદોલત કમાયો. ગ્રેજ્યુએટ થયા બાદ જય પણ પ્રશાંત સાથે જોડાઈ ગયો. આમ લક્ષ્મીદેવીની કૃપા અનહદ વરસી રહી.

ઘણીએ વાર પ્રશાંત અને ઉમા વચ્ચે ઝઘડો થતો, 'તમે આ રીતે માબાપને દુઃખી કરો એ મારાથી નથી સહેવાતું. ચાલો મોટા ઘરે પાછા ફરીએ.'

'ઉમા, તને કેટલીય વાર સમજાવ્યું કે હવે પછી એ ઘરના દરવાજા આપણા માટે સદંતર બંધ છે.

' ઉમાની આંખોમાં આંસુ ધસી આવ્યાં. એ રડતા અવાજે બોલી, 'તમારા બાપદીકરાના ઝઘડામાં બિચારા સાસુમા પ્રભાબેન પર શા માટે આટલો જોરજુલમ ? તમને ખબર છે જયને એ કેટલું વહાલ કરે છે ?'

'તારી બધી જ વાત સાચી. પણ હવે હું કોઈ કાળેય એ ઘરમાં પગ નહીં મૂકું.'

'તો પછી મને એ ઘરે જયને સાથે લઈ જવાની રજા આપો.'

'ના, તારે પણ જવાનું નથી.'

ધીરે ધીરે સમય સરતો ગયો. રસિકલાલ વાલકેશ્વર રહેતાં હતાં અને પ્રશાંત ચીરા બજારમાં રહેતો હતો. ધીરે ધીરે ધંધો એટલો બધો સરસ ચાલ્યો કે પ્રશાંત ધનકૂબેર થઈ ગયો.

બીજી બાજુ પ્રભાબેનને દરરોજ એમનો દીકરો પ્રશાંત, પુત્રવધુ ઉમા અને પૌત્ર જય યાદ આવતાં. ઘણીવાર પ્રશાંત ન હોય ત્યારે ચીરા બજારમાં તેને ઘેર જઈ ઉમાને અને જયને મળી આવતા.

આખરે જય મોટો થયો અને ધંધામાં લાગી ગયો. બે વર્ષ પહેલાં જ પ્રભાબેનનું નિધન થયું. લૌકિક ક્રિયાઓ વેળાએ પણ પ્રશાંત ન ગયો. એનું ભારે દુઃખ રસિકલાલને હતું. છ મહિનાથી રસિકલાલની તબિયત સારી ન રહેતાં ધંધો સમેટી લીધો અને ઘરમાં એકલા રહેવા લાગ્યા.

દરવાજો ખોલી ઉમા ઘરમાં અંદર આવી. જોયું તો પ્રશાંત ઘરમાં હતો. તેને માથે હાથ ફેરવતાં બોલી, 'તમે ક્યારે આવ્યા ?'

'મને આવ્યે ત્રણ કલાક થઈ ગયા. તું અત્યાર લગી ક્યાં હતી ?' પ્રશાંતનો ગુસ્સો માઝા મૂકતો હતો. 'મને બધી જ ખબર છે રોજ રોજ તું ક્યાં જાય છે.'

'તો પછી મને શા માટે પૂછો છો ?' ઉમા બોલી.

'મને ખબર ન્હોતી કે મારી ચોખ્ખી ના હોવા છતાં તું મારા બાપાને મળવા જઈશ.'

'તમારા બાપદીકરાના ઝઘડાથી હું તંગ આવી ગઈ છું. બાપુજી બિચારા સાવ એકલા પડી ગયા છે. તબિયતથી લાચાર એટલે રોજેરોજ, તમે જયને લઈ ઓફિસે જાવ એટલે તુરત જ, હું ત્યાં દોડી જાઉં. રસોઈપાણી કરી એમને જમાડીને પછી હું આવું છું.'

'એટલે તને આ માંદા ધણીની પરવા નથી પણ વર્ષો પહેલાં મને હડધૂત કરનાર બાપુજીની દયા આવે છે.'

ઉમાની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં. એ રડતાં રડતાં બોલી, 'વર્ષો લગી તમારી આજ્ઞા પાળતી રહી. પણ છેલ્લે મારાથી ન રહેવાયું. હું જ્યારે જ્યારે જમવા બેસતી ત્યારે મને બાપુજી યાદ આવી જતા ને કોળિયો મારા હાથમાં રહી જતો. આવા સમયે હું મદદે નહીં દોડુ તો એમનું કોણ એમનું ? જુઓ, મારી માએ મને શીખવાડ્યું છે કે વૃદ્ધોના આશીર્વાદથી જ આપણે સુખી થઈ શકીએ. ચાર દિવસ પછી એમનું ઘુંટણનૂ ઓપરેશન કરવાનું છે. આવા સમયે આપણે એમની સાથે ના હોઈએ તો ભગવાન પણ આપણને ક્યારેય માફ નહીં કરે.'

બોલીને ઉમા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. થોડો સમય આમ જ પસાર થઈ ગયો. રડતી ઉમાને છાતીએ લગાડતાં પ્રશાંત બોલ્યો, 'ઉમા આંખો લૂછી નાંખ. આજે તેં મારી આંખ ઉઘાડી છે. કાલે જ આપણે બાપુજીને મળવા જઈએ. તું કહે તે પ્રમાણે હું વર્તવા તૈયાર છું.

ઉમાની આંખો હસિ ઊઠી અને પ્રશાંતને વળગી પડી. આજે એમની જિંદગીમાં નવું પ્રભાત ઊગ્યું હતું.

**મંદિર પવિત્ર રાખીએ** **શંકરલાલ ત્રિવેદી, સિડની, ઓસ્ટ્રેલિયા**

પરમાત્માએ આ સૃષ્ટિનું સર્જન કરેલ છે. તેની કૃપાથી, માબાપ તરફથી આપણને આ શરીર પ્રાપ્ત થયેલ છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ એ પાંચ મહાભુતોનું એ બનેલું છે. પાંચ તન માત્રાઓ, શબ્દ, સ્પર્શ, રૂપ, રંગ અને ગંધ. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો ઉપરાંત મન, બુદ્ધિ, ચીત્ત અને અહંકાર એ રીતે ૨૪ થી આ શરીર બનેલું છે. તેમાં પ્રકૃતિના ત્રણ ગુણો સત્વ, રજસ અને તપસ ઉમેરાય છે અને ગુદાથી મસ્તક સુધી સાત ચક્રો આવેલ છે જે કરોડરજ્જુમાંથી પસાર થાય છે. પ્રાણનું સામ્રાજ્ય સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપેલું છે, એ જ જીવનદાતા તત્વ છે, એ સાથે માણસ જોડાયેલ છે. બ્રહ્માંડમાં વ્યાપ્ત આ પ્રાણનો અંશ નસકોશ દ્વારા આપણા શરીરમાં પ્રવેશે છે અને જીવન ચાલે છે. ઈશ્વરી કલાનો આ અજબ નમૂનો છે. શરીર પ્રભુનું મંદિર છે, તેમાં આવીને પ્રભુ બિરાજ્યા છે. સૌમાં એક જ પ્રભુ બિરાજે છે એમ કહેવાય છે. તેને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રાખવું એ આપણી ફરજ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર સિદ્ધ કરવા માટે નિરોગી અને સ્વસ્થ શરીર તથા પ્રસન્ન અને શાંત મનની આવશ્યકતા છે.

નિદ્રા, આરામ, કસરત, આહાર, વિહાર, આચાર, વિચાર, સદાચાર, એ બધા શરીરનાં ધર્મ છે. એ બરાબર પળાય તો શરીર નિરોગી રહે અને તો જ ઈશ્વરભક્તિ કે ઈતર પ્રવ્રુત્તિઓ સારી રીતે થઈ શકે. આરામપ્રિયતા અને આળસ વધે તો શરીર બગડે. 'આળસ્ય મનુષ્યાણાં મહારિપુ.' - આળસ માણસનો મોટો દુશ્મન ગણાય છે. ખાવાપીવામાં ખાઉધરાપણું કે સ્વાદ લોલુપતા વધે તો શરીર બગડે. શરીરને જેટલી ખોરાકની જરૂર છે તેથી વધારે જરૂર વ્યાયામની છે. છાતી અને પેટ એક સરખી સપાટીમાં હોય તો શરીર તંદુરસ્ત ગણાય. વ્યાયામ ન કરવાથી અને ગમે તેટલો, ગમે તેવો, ગમે ત્યારે, ખોરાક લેવાથી ચરબી વધે છે જેને કારણે ડાયાબેટિસ, બ્લડપ્રેસર, હૃદયરોગ, વગેરે રોગો થાય છે.

પહેલાંના વખતમાં નિશાળમાં શિક્ષક કહેતા, 'પરોઢિયે નિત ઊઠીને લેવું ઈશ્વર નામ, દાતણ કરી, નાહ્યા પછી, કરવાં કામ તમામ. કહ્યું કરો માબાપનું, દો મોટાને માન. . .' ભક્તકવિ નરસિંહ મહેતાએ કહ્યું છે, 'રાત રહે જ્યારે પાછલી એક ઘડી, સાધુ પુરુષે સુઈ ન રહેવું, નિદ્રાને પરહરી, લેવું હરિનું નામ.' આ ભજન છે તે સાથે તંદુસ્ત રહેવાની મહામુલી શિખામણ છે. વહેલા બ્રહ્મમુહૂર્તમાં ઉઠવાથી તંદુરસ્તી ખીલે છે. સવારે વહેલા જ્યારે વાહનવ્યવહારની ધમાલ ન હોય, વાતાવરણ શાંત અને પ્રદુષણથી મુક્ત હોય, ત્યારે ફરવા જવાથી ઘણો ફાયદો થાય છે. આ લેખકના દિર્ઘ અને તંદુરસ્ત જીવનના રહસ્ય બાબત જણાવવાનું કે પ્રજાકલ્યાણકારી રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડની સુંદર નગરી વડોદરામાં, જે એક સમયે પ્રદુષણથી મુક્ત અને પ્રાણવાયુ ભરપૂર હતી ત્યાં જીવનનાં ઘણાં વર્ષો ગાળ્યાં છે. (હાલમાં ઓદ્યોગિક વસાહતોના વિકાસને કારણે પ્રદુષણ વધી ગયું છે.) ખંડેરાવ માર્કેટથી રાજમહેલ રોડ, લાલબાગ, સકરપરા સુધી અને લાલબાગથી વિશ્વામિત્ર નદી સુધીના વિશાળ પહોળા રસ્તાઓ બંને બાજુ ઝાડની હારમાળાથી શોભાયમાન છે. આવા રસ્તાઓ ઉપર વહેલી સવારે ચાલતા કે દોડતા જવાની ટેવ એંસી વરસ પહેલાં વિદ્યાર્થી જીવનમાં પાડેલી. રાજ્યનું વિલિનીકરણ થયા બાદ રેવન્યુ ખાતામાં નોકરી કરવાના પ્રસંગે ગામડાઓની મુલાકાત લેવાની હોવાથી તે વખતે - અંદાઝે સાઠ વર્ષ પહેલાં - દરરોજ અનેક માઈલ પગપાળા ચાલીને મુસાફરી કરી છે. એ રીતે સરકારી કામગીરી સારી રીતે કર્યાનો સંતોષ મેળવેલ અને સાથે શરીરને વ્યાયામથી ફાયદો થયેલ.

સત્યુગ અને ત્રેતા યુગમાં લોકોનાં જીવન લાંબા અને તંદુરસ્ત હતાં કારણ કે તેમનાં રહેઠાણનાં આશ્રમો કુદરતનાં સાન્નિધ્યમાં હતાં. ખોરાક શુદ્ધ

અને સાત્વિક હતો. ભગવાન શ્રી કૃષ્ણે આ ભૂમિ ઉપર ૧૨૫ વર્ષ રહી લીલા સંકેલી લીધી હતી. હાલ કળિયુગમાં માણસનું આયુષ્ય એક સો વર્ષનું ગણાય છે તો પણ પૂરું આયુષ્ય ભોગવવાવાળા ઘણા ઓછા હોય છે.

ઉંમર થતાં અને ઘસાઈને શરીરનો નાશ તો થવાનો જ છે. એટલે જેમ પ્રગટેલા દીવાની જ્યોત ક્ષીણ થતાં તે ઓલવાઈ જાય છે તેમ સક્રિય રહેલું શરીર કર્મનાં ફળ ભોગવીને તેનું પ્રારબ્ધ ક્ષીણ થતાં તેનો અંત આવે છે. જીવનમાં છેવટના દિવસોમાં પ્રભુમાં ચિત્ત પરોવી સદ્‌વિચારનું ભાથું ભેગું કરવાનું એ જીવન સાર્થક કરવાનો માર્ગ છે.

આ જીવનમાં આજસુધી જે કાંઈ કર્યું એ ભલે કર્યું પણ હવે બાકીના જીવનનો સદ્‌ઉપયોગ કરવામાં આવે તો તેથી ભવિષ્યમાં પસ્તાવું ન પડે.

હું છેલ્લા ઘણા વર્ષોથી દર વર્ષે ગુજરાત જાઉં છું. રાજકોટ અને અમદાવાદ માટે કહી શકું કે પ્રજામાં શરીર અને મનના સ્વાસ્થ્ય માટે જાગૃતિ ઘણી છે. દરરોજ સવારે પાંચથી સાતની વચ્ચે રાજકોટમાં રેસકોર્સને ફરતા રસ્તાનો અર્ધો ભાગ ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવે છે. આ જ રીતે અમદાવાદમાં કાંકરીઆ તળાવ અને લો ગાર્ડનને ફરતા રસ્તા અર્ધા બંધ કરવામાં આવે છે. માની શકાય કે બીજા શહેરોમાં પણ આવી વ્યવસ્થા હશે. હજારો લોકો ત્યાં વહેલી સવારે ફરવા, ચાલવા, દોડવા કે કસરત કરવા આવે છે. દર મહિને યોગ અને પ્રાણાયામની શિબિરો ક્યાંકને ક્યાંક તો હોય જ છે. શાળામાં વિદ્યાર્થીઓ ક્રિકેટ, વોલીબોલ, બાસ્કેટબોલ, હોકી, હુતુતુ, એથલેટિક્સ, વગેરે રમતોથી વ્યાયામ મેળવે છે. રાજકોટમાં અમારા ફ્લેટની પાછળ નિર્મળા ગર્લ્સ કોલેજ છે. દરરોજ તેના કમ્પાઉન્ડમાં વારાફરતી જુદી જુદી રમતો રમાતી જોઈ શકાય છે. ઉપરાંત ફ્લેટથી નજીકની સ્કૂલના હોલમાં દરરોજ સાંજે 'સિનિયર્સ'નું ગ્રુપ મળે છે. તેઓ યોગાસન, પ્રાણાયામ, લાફ્ટર, ગીત ગાવું, વગેરે પ્રવૃત્તિ કરે છે. સભ્ય ફી નથી. બધાને આવકારે છે. હોલ સ્કૂલ તરફથી મફત વાપરવા મળે છે. આવા બીજા સ્થળો પણ છે. સ્વામી શ્રી રામદેવના ટીવી પ્રોગ્રામો જોઈને વધુ ને વધુ લોકો પ્રાણાયમ અને યોગમાં રસ લેતાં થઈ રહ્યા છે એમ કહેવું અનુચિત નથી. - પ્રવીણ વાઘાણી

## રસોડાની બારી

**પ્રવીણ વાઘાણી**

નાનપણમાં અમે ગામડાના જે મકાનમાં રહેતા હતા ત્યાં રસોડામાં એક નાની બારી હતી. ઘર મોટું હતું, ઘણા ઓરડા હતા પણ ઘરમાં સૌથી નાનો ઓરડો રસોડાનો હતો. આમ તો રસોડાની આ બારી એટલી બધી નાની હતી કે તેની એકદમ નજીક જાવ પછી જ તમે બાહરની દુનિયા જોઈ શકો, અને બે જણ તો એક સાથે તેમાંથી ન જ જોઈ શકે. પણ ત્યારે રાંધવા માટે ચૂલા હતાં જેમાં અગ્નિ માટે લાકડાં સળગાવવામાં આવતાં. આ લાકડાંમાં ઘણીવાર ભેજ હોય જેને કારણે સળગતાં પહેલાં ધૂમાડો ઘણો થાય. આ ધૂમાડાને બહાર જવા માટે આ એક નાનકડી બારી પૂરતી ગણાતી. આવા ધૂમાડાને તમે બારી બહાર જતાં જૂઓ ત્યારે તમને સમજાય કે આ બારી તમારા માટે નહિ પણ આ ધૂમાડા માટે ત્યાં મૂકવામાં આવી છે. બાકી રાંધનારી ગુહિણીએ તો રસોઈ બનાવવામાં જ ધ્યાન કેંદ્રિત કરવાનું હોય, તેણે બારીમાંથી બાહર જોવાની શી જરૂર છે ? જો કે કોઈવાર ધૂમાડો એટલો બધો થાય કે તેને બાહર જવા માટે બારી પણ નાની પડે અને આખું રસોડું ધૂમાડાથી ભરાઈ જાય. ત્યારે ગૃહિણીને રાંધવાનું પડતું મૂકીને, ધૂમાડાથી બળતી આંખોને ચોળતાં ચોળતાં રસોડાની બાહર નીકળી જવું પડતું.

અત્યારે શહેરમાં રહેતા અને ગેસ કે ઈલેકટ્રિકના ચૂલા વાપરતા, આ વાચનારને તે કદાચ વિચિત્ર લાગશે પણ ભારતના ગામડાંઓના ઘણા ઘરોમાં હજી આ પરિસ્થિતિ પ્રવર્તે છે. અમે કલકત્તામાં હતા ત્યારે એક બંગાળીનું ઘર ભાડે રાખલું. બે રૂમ, રસોડું ને ફળિયું. પણ જેને ઘરધણી 'રસોડું' તરીકે ઓળખાવતો હતો તે વાસ્તવમાં એક બારણાવાળી નાની ઓરડી હતી જે રૂમથી અલગ, ફળિયાને એક ખૂણે હતી. અમે ત્રણ જણ તેમાં બેસીને જમી ન શકીએ. રસોડાની બાહર બેસવું પડે. બંગાળી લોકો માછલીનું શાક અને ભાત ખાવાવાળા.. એટલે ચૂલા પર માછલી કે ભાત રંધાતા હોય ત્યારે ગૂહિણી તો ઓરડીની બહાર જ બેઠી હોય. ગુજરાતણની જેમ ચૂલા પાસે બેસીને રોટલી ન બનાવવાની હોય એટલે અમે રાંધવાનું એક રૂમમાં રાખ્યું. બંગાળી ઘરધણીએ વાંધો લીધો એટલે અમે ઘર ખાલી કરીને બીજે જવાની તૈયારી(આમ તો આને ધમકી કહેવાય) બતાવી. પણ બંગાળી કરતાં શાકાહારી ગુજરાતી બધી રીતે ચોખ્ખાઈવાળા ગણાય એટલે એ ચૂપ રહ્યો.

જો કે ગુજરાતમાં પણ રસોડામાં એટલી તો જગ્યા ભાગ્યે જ કોઈ જૂના ઘરમાં હોય કે જેમાં જમવાવાળા પણ રસોડામાં બેસી શકે. જમવાવાળા રસોડાના બારણા પાસે બેસે અને ગરમ રોટલીઓ તેમને પીરસાય. ગૃહિણી બધી રસોઈ બનાવી લે અને ગરમ રોટલીઓ ઉતારીને ઘરના બધાને જમાડી લે ત્યાં સુધી તેણે તો ચૂલા પાસે જ બેઠા રહેવાનું !

અમે ૧૯૭૦માં ઓસ્ટ્રેલિયા આવ્યા ત્યારે ત્યાંના મકાનોમાં પણ રસોડા તો નાના અને ઓછી સગવડતાવાળા જ હતા. ડાઈનિંગ ટેબલ રસોડાની બાહર હોય જ્યાં બધા જમવા બેસે. તે વાત તો સમજ્યા. પણ રસોડામાં ચૂલો, કોઠાર અને વોશબેસિન સિવાય બીજું કાંઈ નહિ. ફ્રીજ રાખવાની જગ્યા પણ ન હોય. ઊભવાની જગ્યા પણ એટલી બધી ઓછી હોય કે રસોઈ કરનારને મદદ કરવી હોય તો બીજી વ્યક્તિને ઊભવાની સંકડાશ થાય. પણ રસોડામાં એક બારી જરૂર હોય જે પાછળના 'વાડા' તરફ ખૂલે. પણ આ વાડો ઘણો મોટો હોય એટલે તેને ઘરનો બગીચો કહી શકાય જેમાં ફૂલઝાડો હોય અને બાળકોને રમવા માટે મોટી જગ્યા હોય. ગૃહિણી રસોડાની બારીમાંથી આ રમતાં બાળકો ઉપર નજર રાખી શકે. નવા ઘરોમાં રસોડા થોડા મોટાં રાખવામાં આવતાં એટલે ત્યાં હવે એક નાનકડું કિચન ટેબલ રાખી શકાય જ્યાં બાળકો, અને કુટુંબ નાનું હોય તો આખું કુટુંબ, ત્યાં બેસીને જમી શકે.

ઓસ્ટ્રેલિયામાં, સન ૧૯૭૨માં, મેલબર્નમાં અમે અમારું પોતાનું ઘર લેવાનો વિચાર કર્યો ત્યારે એજન્ટ અમને જે પણ ઘર બતાવે તેનું રસોડું પહેલાં જોતાં અને રસોડું નાનું હોય કે અગવડવાળું હોય તો અમે ઘર નાપાસ કરતા. એજન્ટને તેથી નવાઈ લાગતી. કારણ કે ઓસ્ટ્રેલિયાના લોકો મોટે ભાગે મુખ્ય શયનગૃહ અને દિવાનખાનાને મહત્વ આપે. અંતે એક ઘર અમે પસંદ કર્યું જેમાં રસોડું મોટું હતું અને બારી ઉત્તર દિશા તરફ હતી એટલે આખો દિવસ સૂર્યપ્રકાશ આવે. પણ તેમાં રહેવા આવ્યા પછી અમને ખ્યાલ આવ્યો કે ઈલેક્ટ્રિક ચૂલો બિલકુલ ખૂણામાં હતો એટલે રોટલી કે પૂરી બનાવવામાં ઘણી તકલીફ પડતી. અમે રસોડું રિનોવેટ કરાવ્યું. કિચન રિનોવેશન કંપનીની ડિઝાઈનમાં ફેરફાર કરીને મેં તેમાં એક નાનો ટીવી મૂકવાની વ્યવસ્થા કરી. રિનોવેશન કંપનીને નવાઈ લાગી. તેના ઘણા વર્ષોના અનુભવમાં કિચનમાં ટીવી મૂકાવનાર હું પહેલો હતો. મેં તેને સમજાવ્યું કે 'ભારતની ગૃહિણી રસોડામાં ઘણો સમય ગાળે છે એટલે તે સમય દરમિયાન તેના આનંદપ્રમોદની વ્યવસ્થા કરવી જરૂરી ગણાય.'

ભોજન શરીરને ટકાવી રાખવાની આવશ્યક વસ્તુ છે અને તે સ્વાદિષ્ટ અને પ્રિય પણ છે. રાંધતી વખતે રાંધનારનું મન આનંદમાં રહે તો રસોઈ પણ વધારે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક બને.

રસોડામાં જેમ મોકળાશ વધારે હોય, સગવડ વધારે હોય, હવા અને ઉજાશ પુષ્કળ હોય, તેમ રસોઈ કરનારનું મન આનંદમાં રહે અને રસોઈ સ્વદિષ્ટ બને. આ વાત આપણા 'વાસ્તુ શાસ્ત્ર'માં તેમજ ચાઈનીઝ 'ફેન્ગ સૂઈ'માં પણ લખેલી છે. આ વાત હવે હાલના જમાનામાં સમજાવા લાગી છે અને એટલે રસોડાની ડિઝાઈન ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. રસોડામાં મોટી બારી તો હોવી જ જોઈએ અને રસોડું ઘરમાં એવી જગ્યાએ હોવું જોઈએ કે તેમાં સૂર્યપ્રકાશ આવી શકે અને ખુલ્લી હવા પુષ્કળ મળતી રહે. અહીં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ કરું છું તેથી એમ નહી માની લેવું કે હું તેમાં (અંધ)શ્રદ્ધાપૂર્વક માનું છું કે તે સાથે સર્વ રીતે સંમત છું. તેમાં તો એમ પણ લખ્યું છે કે રસોડું ઘરની અમૂક જ દિશામાં હોવું જોઈએ અને જો એમ ન હોય તો તે ઘરમાં રહેનારનું ધનોતપનોત નીકળી જાય અને તેનાથી બચવાના ઉપાય તરીકે તમારે કદાચ તમારા બેડરૂમમાં રસોડું બનાવવું જોઈએ (જેમ અમે કલકત્તામાં કર્યું હતું તેમ, પણ તેનું કારણ બીજું હતું)અને રસોડાના રૂમમાં સુવાનું રાખવું જોઈએ.! અથવા તેના સહેલા ઉપાય તરીકે ઘરના અમૂક ખૂણામાં મીઠું રાખવું કે અમૂક ખૂણામાં ત્રાંબાનો તાર દાટવો ! પણ જો તમે બહુમાળી ફ્લેટમાં રહેતા હો અને એમાંનું કાંઈ ન થઈ શકે તેમ હોય તો અમૂક દેવની પૂજા રાખવાની ને બ્રાહ્મણોને જમાડવાથી સંકટને ટાળી શકાય છે. જેની જેવી અંધશ્રદ્ધા, તે પ્રમાણે તે કરે.

હવેના ઘરની ડિઝાઈનોમાં તો રસોડાની આસપાસ દિવાલો જ નથી હોતી. વચ્ચેના બેંચ પર રાંધવા માટેનો ચૂલો હોય અથવા તો વોશ બેસીન હોય. તેની આગળના ભાગમાં 'ફેમિલી રૂમ' એટલે કે બાળકોને રમવા માટેની જગ્યા કે કુટુંબને સાથે બેસીને આનંદપ્રમોદની જગ્યા, જે કહો તે, હોય જેમાં ટીવી, 'હાઈ ફાઈ' વગેરે હોય. દિવસના સમયમાં ગૃહિણી એકલી હોય તો બહેનપણીઓ સાથે ત્યાં બેસી વાતચીત કરી શકે અને જરૂર પ્રમાણે રસોડાનું કામ પણ કરી શકે. સાંજના સમયે કે રજાના દિવસે આખું કુટુંબ સાથે ત્યાં ગાળી શકે જેથી એકબીજા સાથે આત્મિયતા વધે.

## એડિસન સીનિયર સિટિઝન્સ કાઉન્સિલની યશસ્વી પ્રવૃત્તિઓ

**ભાનુભાઈ ત્રિવેદી, અમેરિકા**

ન્યૂ જર્સીનો એડિસન વિસ્તાર એટલે નાનકડું ભારત જ જોઈ લો. એડિસનમાં હિલટોપ હાઉસિંગ સંકુલમાં અથવા તો વીકએન્ડમાં ઓક ટ્રી રોડ પર લટાર મારો તો જાણે તમે વડોદરા કે અમદાવાદમાં લટાર મારી રહ્યાં હોય તેવો અનુભવ થાય. આ એડિસનના સીનિયરો માટે છેલ્લા એક દાયકાથી સતત કાર્ય કરતી ઈન્ડો અમેરિકન સીનિયર સિટિઝન્સ કાઉન્સિલ ઓફ એડિસન, ન્યૂ જર્સી, એ ૨૦૦૪માં તેનો દશાબ્દી મહોત્સવ ઉજવ્યો. ૧૮ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ એ મહોત્સવનો કાર્યક્રમ આખા દિવસનો ભરચક અને ભવ્ય રાખવામાં આવેલો.

સીનિયરોની આ કાઉન્સિલની સ્થાપના ૧૯૯૪માં થઈ હતી.. માત્ર સોળ સ્થાપક સભ્યોએ આ કાઉન્સિલના શ્રીગણેશ તા. ૩૦ ઓગસ્ટ ૧૯૯૪ના રોજ એડિસન ટાઉનશીપના હિલટોપ ખાતે કરેલા. આ સોળ સભ્યો પૈકી સર્વશ્રી મંગળદાસ પટેલ, દિલસુખ ચિતલિયા તથા જશભાઈ પટેલ હજુ પણ કાઉન્સિલમાં સક્રિય અને કાર્યરત છે. બાકીના સ્થાપક સભ્યો અન્યત્ર રહેવા ચાલ્યા ગયા છે અથવા તો દેવલોક પામ્યા છે.

કેવળ સોળ સભ્યોથી શરૂ થયેલી આ સંસ્થા હાલ ૭૫૦ થી વધુ સભ્યો ધરાવે છે. ન્યૂ જર્સીમાં ભારતીય વંશજના સૌથી વધારે સભ્યો ધરાવતું આ સીનિયર સંગઠન છે. એક નાનકડા બીજમાંથી વિકાસ અને વૃદ્ધિ પામી ઘટાટોપ વટવૃક્ષ બન્યું છે ને આજે એડિસનના સીનિયરોને સુખ, આનંદ અને શાંતિ બક્ષે છે.

સને ૧૯૯૪ થી ૧૯૯૮ સુધી કાઉન્સિલના પ્રમુખપદે સ્વ. શ્રી પુરુષોત્તમ કારા હતા અને સેક્રેટરી તરીકે સ્વ. શ્રી પી. આર. પટેલ કાર્યરત હતા. આ સમય દરમિયાન ૧૯૦ સભ્યો નોંધાયા હતા અને નોનપ્રોફિટ ઓર્ગેનિઝેશન તરીકે કાઉન્સિલની નોંધણી તથા તેના માટે ટેક્સમુક્તિ આઈ.ડી. મેળવવાની પ્રાથમિક પણ મહત્વની કામગીરી પાર પાડવામાં આવી હતી. આ સમય દરમિયાન સીનિયરોના લાભાર્થે પિકનીક, વાર્ષિક સભા તથા સ્નેહસમ્મેલનો યોજવામાં આવ્યા હતાં.

સન ૧૯૯૯થી ૨૦૦૨ સુધી કાઉન્સિલના પ્રમુખ તરીકે શ્રી રમણ વી. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ૧૯૯૯ના વર્ષ દરમિયાન મંદિરોની દર્શનયાત્રા, પિકનિક અને સાગરસ્નાન સહિત સાત કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા સન ૨૦૦૦માં પ્રથમ વખત યુરોપના આઠ દેશોનો પંદર દિવસનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત મંદિરોની દર્શનયાત્રા, પિકનિક, ગીત-સંગિત, નાટક, ફિલ્મ, યોગ-આરોગ્ય કેમ્પ અને શેરીગરબા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સાથે સિટિઝન ઈમિગ્રેશનને લગતા સવાલોના જવાબ આપવાનું નિઃશુલ્ક કોલમ સ્થાનિક ગુજરાતી પત્રમાં શરૂ કરવામાં આવ્યું હતું.

સન ૨૦૦૧ દરમિયાન પિકનિક, પ્રવાસો, મંદિરોની દર્શનયાત્રા સાથે કુલ ૧૪ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સન ૨૦૦૨માં કાઉન્સિલની સભ્ય સંખ્યા વધીને ૬૫૦ થઈ હતી. એ વર્ષે પંદર દિવસનો યુરોપ પ્રવાસ, પિકનિક, મંદિરોની દર્શનયાત્રા સહિત ૯ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સન ૨૦૦૩ અને ૨૦૦૪ની ટર્મ માટે શ્રી નવીનભાઈ અમીનની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી થઈ હતી અને સેક્રેટરિ તથા જોઈન્ટ સેક્રેટરિ તરીકે અનુક્રમે ભાનુભાઈ ત્રિવેદી અને સવિતાબેન જોશી નીમાયા હતા અને આજ સુધી તે પદવી ઉપર બંને સુંદર સેવા આપી રહ્યા છે. સંસ્થાના ઉપપ્રમુખ તરીકે શ્રી હર્શદ દેસાઈ છેક ૧૯૯૪થી મહત્વની કામગીરી બજાવી રહ્યા છે. સન ૨૦૦૩માં યુરોપના આઠ દેશોનો પંદર દિવસનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખશ્રી નવીન અમીન, જોઈન્ટ સેક્રેટરિ સવિતાબેન જોશી અને સંયોજક શ્રી મંગળદાસ પટેલ સહિત એક સો સીનિયર ભાઈબહેનો જોડાયા હતા.

આ ઉપરાંત આઠ મંદિરોની મુલાકાત, ચાર પિકનિક, બે પ્રવાસ, મેડિકલ કેમ્પ, સાગરસ્નાન અને નવરાત્રીના ગરબા સહિત કુલ બાર કાર્યક્રમો યોજાયા હતા. વર્ષ દરમિયાન નેવું સીનિયર ભાઈબહેનોને ઘેર બેઠાં ઓળખપત્રો અપાવ્યા હતા. ઉપરાંત પૂજ્ય ગોસ્વામી ઈન્દિરાબેટીજીની વ્યાખ્યાનમાળા પણ યોજવામાં આવી હતી.

સન ૨૦૦૪માં ક્રૂઝ પ્રવાસનો મોટો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૮૦ સભ્યો જોડાયા હતા. આ ઉપરાંત મંદિરોની દર્શનયાત્રા, પિકનિક, સાગરસ્નાન સહિતના બાર કાર્યક્રમો યોજાયા હતા. સ્પોન્સર ઈન્દિરાબહેન અને હસમુખભાઈ પટેલ અને અન્ય સખી ગૃહસ્થોના યોગદાનના પરિણામે સીનિયરોને ટોકન દરે રાહતનો લાભ મળે છે. આ વર્ષે સભ્યસંખ્યા વધીને ૭૫૦ થઈ હતી.

વર્ષ ૨૦૦૫ દરમિયાન અન્ય કાર્યક્રમો સાથે એટલેન્ટિક સિટિની કાસિનો ટૂર, કેનેડા પ્રવાસ તથા બહામા ટાપુની ક્રૂઝ સાથે ફ્લોરિડા ડિઝનીલેન્ડના પ્રવાસ કાર્યક્રમો યોજાયા હતા. ઉપરાંત 'દાબડા' ઉજાણી' પણ યોજવામાં આવી હતી.

આ ઉપરાંત ગુજરાતમાં અવારનવાર થતી કુદરતી આપત્તિનો ભોગ બનતા લોકોને મદદરૂપ થવા પણ આ સંસ્થા મોખરે રહી છે. એવા સમયે કાઉન્સિલે ફાળો એકત્ર કરી અસરગ્રસ્તો માટે ભંડોળ મોકલી આપ્યું છે. ૧૯૯૮માં ગુજરાતના સાગરકાંઠે ફૂંકાયેલા ભયંકર વાવાઝોડાએ વેરેલા વિનાશ વેળાએ કાઉન્સિલે પ્રથમિક શાળા બાંધવા માટે ૫૮૨૦ ડોલરનો ફાળો મુખ્યમંત્રી રાહતનિધીને પાઠવ્યો હતો.

૨૦૦૦ની સાલમાં છેવાડાના ગરીબ ગામોના લોકોને પીવાના પાણીની ટાંકી બાંધવા ૫૫૧૫ ડોલર (અઢી લાખ રુપીઆ) ની રકમ આણંદના સ્વામીનારાયણ મંદિરને મોકલી હતી. જેમાં મંદિરે ચાર લાખ રુપીઆ ઉમેરી, વધારાના બીજા સાડા આઠ લાખની ગ્રાન્ટ સરકાર પાસેથી મેળવી ઠાસરા તાલુકાના છેવાડાના ગામ મનજીપુરા ગામે પાણીની ટાંકી તથા હોલ અને બીજાપુર ગામે પાણીની ટાંકી સહિત ત્રણ વિકાસ કાર્યો પૂ. સર્વમંગલ સ્વામીની દેખરેખ નીચે પૂરાં કરાવ્યાં હતાં.

૨૦૦૧માં કચ્છમાં થયેલા ભયંકર ભૂકંપ વેળા ભોગ બનેલાઓને મદદ કરવા ૬૦૦૦ ડોલર ભૂતપૂર્વ બીલ ક્લિન્ટનના મુખ્ય ફાળામાં જમા કરાવેલ. જુલાઈ ૨૦૦૫ની અતિવૃષ્ટિમાં ગુજરાતના સુરત વિસ્તારમાં બેઘર અને નિરાધાર થયેલાઓને જીવનજરૂરિયાતો પહોંચાડવા ત્યાંના શ્રી સ્વામીનારાયણ મંદિરને રુપીઆ એક લાખનું દાન મોકલવામાં આવ્યું હતું. આમ એડિસનના સીનિયરોએ અત્યાર સુધીમાં કુલ નવ લાખ રુપીઆની રાહત ગુજરાતના આપત્તિગ્રસ્ત લોકોને પહોંચાડી છે.

પ્રથમ પ્રમુખ શ્રી પુરુષોત્તમ કારાએ શુભ શરૂઆત કરી, તે પછીના પ્રમુખ શ્રી રમણલાલે તેમાં નવી પ્રવૃત્તિઓ ઉમેરી નવી પ્રણાલિકાઓ પાડી. પ્રમુખ શ્રી નવીન અમીને કાર્યક્રમોનો વિસ્તાર કર્યો છે. સભ્યસંખ્યા વધારવાની કાર્યનિષ્ઠામાં જોઈન્ટ સેક્રેટરિ સવિતાબહેન જોશી મોખરે રહ્યા છે. જનસંપર્ક જાળવવામાં ઉપપ્રમુખ શ્રી હર્ષદ દેસાઈ અને મીડિયા તથા વહિવટી ક્ષેત્રે શ્રી ભાનુભાઈ ત્રિવેદી સફળ રહ્યા છે. સઘળી પ્રવૃત્તિઓનું સંકલન કરવાનો યશ શ્રી મંગળદાસ પટેલને ફાળે જાય છે.

છેલ્લે તો કારોબારી સમિતિ અને સભ્યોના સહકારથી જ કાઉન્સિલનું નામ અને કામ દીપી ઊઠ્યાં છે. સમય જતાં કાઉન્સિલનું પોતાનું ભવન બાંધવાનું સ્વપ્ન પણ સાકાર થશે.

## મનુસ્મૃતિ અને જીવનવ્યવહાર

**સુરેશ એચ પટેલ, દુબઈ**

મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના ૧૫૫મા શ્લોકમાં લખ્યું છે કે પતિ હૈયાત હોય ત્યારે જો પત્ની ઉપવાસ કે વ્રત કરે તો તે પતિની આવરદા ઘટે છે, વગેરે, વગેરે.

આમાં તથ્ય કેટલું ?

કંઈ જ નહી.

કોઈ પણ ધર્મનાં શાસ્ત્રો લખાયાં ત્યારે તે સમય, સમાજ અને દેશની પરિસ્થિતિ તેમ જ જરૂરિયાતને ધ્યાનમાં લઈને તે સમયના માણસોની સમજણ અને સ્વાર્થની ગણતરી પ્રમાણે લખાયાં હતાં. સમય જતાં સમાજની સ્થિતિ અને વ્યવસ્થા બદલાતી જાય છે તે પ્રમાણે સમાજનું નિયમન કરતા શાસ્ત્રો અને કાયદાઓ પણ બદલવાં જોઈએ. મનુસ્મૃતિમાં અને બીજી સ્મૃતિઓમાં ઘણું સારું પણ લખેલું છે. તેમાં એવું પણ લખેલું છે જે આજે આપણે સ્વીકારતા નથી કે સ્વીકારવા લાયક નથી કે સ્વીકારી શકાય તેમ નથી. એટલે જ ભારતમાં હિંદુ કાયદા તરીકે મનુસ્મૃતિનું સ્થાન 'આંબેડકરસ્મૃતિ' (હિન્દુ કોડ)એ લીધું છે.

મુસ્લિમો ૧૪૦૦ વર્ષ જૂના પોતાના 'શરિયત'ને વળગી રહ્યા છે જે તે સમયના અરબસ્તાન અને આરબ સમાજ માટે લખાયું હતું. ઘણા મુસ્લિમ દેશોએ તેની કેટલિક અવ્યવહારુ જોગવાઈઓ ત્યજી દીધી છે. તેમ છતાં ઈરાન અને પાકિસ્તાન અને કેટલેક અંશે સાઉદી અરબસ્તાન વગેરે દેશો ૧૪૦૦ વર્ષ પહેલાના જમાનામાં જીવવા માગે છે.

**વાર્તા રે વાર્તા , નાની-ટૂંકી વાર્તાઓ** **દુર્ગેશ ઓઝા, ગુજરાત**

## ભાઈ-બહેન

નિશાનું રૂદન સાંભળતાં જ તેના પિતા સુરેશચંદ્રે પૂછ્યું, 'શું થયું, બેટા, કોણ તને હેરાન કરે છે ?'

'પિતાજી, દિનેશે મારા હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી. મેં પાછી લેવા ચોપડી ખેંચી તો એણે મને. . એણે મને માર્યું. તમે એને તો કાંઇ કહેતા જ નથી. કાલેય મને પજવતો હતો.'

અને સુરેશચંદ્ર ઊંચા અવાજે બોલ્યા, 'ક્યાં ગયો દિનેશ ? આજે તો તારી ખબર લેવી પડશે. નાની બેનને હેરાન કરતાં શરમ નથી આવતી ? મોટો ભાઈ થઈને સમજતો નથી. શું કામ તેં એને માર્યું ?'

'પણ મારે ય આ ચોપડી વાંચવી છે.' દિનેશે કહ્યું.

'પણ હમણાં તો તું બીજું કાંઇક વાંચતો'તો. બહાના કાઢીને હાથ ઉગામતાં ક્યાંથી શીખ્યો ? આજે તને જમવાનું નહીં મળે અને જો હવે આવાં તોફાન કરીશ તો માર્યા વિના નહિ મૂકૂં.' સુરેશચંદ્રે પુત્રને ધમકાવ્યો.

નિશાએ અંગૂઠો બતાવીને કહ્યું, 'લે, લેતો જા, લેતો જા લાડવો !'

જમવાનો સમય થયો ત્યારે સુરેશચંદ્રે નિશાને બોલાવી. પણ એ ક્યાંય દેખાઈ નહિ. તેને શોધવા એ ઉપરના ઓરડે ગયા. ત્યાં અચાનક કાંઈક ધીમો ધીમો અવાજ સંભળાયો. ડોકિયું કરી જોયું તો નિશાની ભરેલી થાળી ત્યાં પડી હતી. તે તો જમતી જ હતી પણ સાથે દિનેશને પણ જમાડતી હતી. બંનેના ચહેરા પર લાગણી ને પ્રેમના ભાવ ચિતરાયેલા હતા. અને નિશા કહેતી હતી, 'જલદી જલદી જમી લે, નહીંતર પિતાજીને ખબર પડી જશે.'

અને સુરેશચંદ્ર આંખનો ખૂણો લૂછતાં હર્ષભેર જમવા બેઠા.

## વારસાગત

ઘણા વર્ષોથી રામશંકરના કુટુંબનું અને એમની જમીનનું તનમનથી જતન કરી રહેલા મગને ફળદ્રુપ ખેતર જોઈ રાજીપો વ્યક્ત કર્યો. ટાઢ, તડકો કે વરસાદ, કશું ય ગણકાર્યા વિના તેણે ફળ, શાકભાજી અને અનાજનો મબલખ પાક ઉપજાવી અઢળક કમાણી કરાવી આપી હતી. તેની આવી મહેનતનો બદલો વાળવાનો શુભ વિચાર રામશંકરને આવતાં એમણે જમીનનો એક ટુકડો કાઢી આપતાં કહ્યું'તું, 'મગન, મારા હૃદયના એક ટુકડાને જમીનનો એક ટુકડો આપું છું. આમાં તારું ખેતર ને મકાન બંને બનાવજે. આજથી આ જમીન તારી.'

પણ કશું પાકું લખાણ થાય એ પહેલાં તો રામશંકર દેહ છોડી ગયા. ને બન્યું એવું કે મગનના ભાગની જમીનમાં મબલખ પાક લહેરાયો ને રામશંકરના પુત્ર મોહનના ખેતરમાં પાક જીવાતને કારણે નિષ્ફળ ગયો.

સ્વજનોએ સલાહ આપી. 'મોહન, વહેવારુ બન. મગન પાસે માલિકીનું કોઈ લખાણ નથી. આકડે મધ છે અને એય માખી વગરનું ! ચાલ, અમારી હારે. .'

મોહનશેઠને મગન સહર્ષ આવકારી રહ્યો. 'આવો, આવો, નાના શેઠ. તમારા સૌના પ્રતાપે આજે મારી જમીનમાં સોનાનો સૂરજ ઊગ્યો છે.'

'આ જમીન તારી છે એનો કાયદેસરનો આધારપુરાવો છે તારી પાસે ?' મોહને કડકાઈથી પૂછ્યું..

'મારે મન તો રામશંકરનો બોલ એજ એની સાબિતી, નાનાશેઠ !' મગન અચરજ પામીને બોલ્યો.

'એ ન ચાલે. આ જમીન કાદેસરની તારી નથી. લે આ કાગળિયા ને કર સહી એમાં એટલે છેડો ફાટે.'

મોહનના શબ્દોથી મગનને જમીન હાથથી સરી જતી લાગી. દોસ્ત સમી જમીન જમીનદોસ્ત થતી લાગી. ધ્રુજતા હાથે સહી કરી મગન રડી પડયો અને મોહનની સાથેના સ્વજનો અટ્ટહાસ્ય કરી રહ્યા.

મોહને હસતા મોઢે મગનને કહ્યું, 'હવે પિતાજીનું કામ પૂરું થયું. હવે તારી પાસે કોઈ સાબિતી નહિ માગે. મુરખ ! આજથી આ જમીન કાયદેસરની તારી થઈ ગઈ. આ દસ્તાવેજ સાંચવીને રાખજે.'

મગન અવાક હતો.

સ્તબ્ધ સ્વજનો પ્રશ્નસૂચક નજર માંડી રહ્યા.

એટલે મોહને 'મોહ'ને હડસેલતાં કહ્યું, 'હું રામશંકરનો દીકરો છું. . . સમજ્યા કે ?'

## માધ્યમ

ક્રિકેટનો મેચ હોય, પતંગનો પેચ હોય, ચૂંટણીનો દાવપેચ હોય કે પછી અન્ય કોઈ રમતની ખેંચાખેંચ હોય, રમણલાલ મને આવીને ન પૂછે એવું બને જ નહિ. 'કાં નરોત્તમ, કોણ જીતશે ? કોણ સર્વોત્તમ ?' એવું એ અચૂક પૂછતા ને હું મારો અભિપ્રાય જણાવી દેતો. એટલે. . 'હું તમારી વાત ન માનું. બરાબર વિચારો. એ ક્યાંથી જીતે ?' કહી એ ફરી ફરીને મને પૂછતા. નાણી જોતા. તો ય હું મારા અફર અભિપ્રાયને વળગી રહેતો. અંતે એ ખોટા પડતા ને હું સાચો. એ એક આશ્ચર્યની વાત હતી કે હું અત્યાર સુધી એની સામે ક્યારેય ખોટો નહોતો પડયો. હું સઘન અભ્યાસ, વિશ્લેશણ કરીને જ અંતિમ નિર્ણય પર આવું છુ એની એને પૂરી જાણ હતી. જો કે હારવા છતાં એના ચહેરા પર કદિ હારી ગયાનું દુ:ખ ઝલકતું નહિ. તે ઉન્નત ચહેરે હસિને મને અભિનંદન આપતા. મને લાગતું કે રમણલાલ એક મળવા જેવા ઉમદા માણસ છે. કોઈ પણ વિષય વિષે મારો મત લેવાની એમને જાણે કે ટેવ પડી ગઈ હતી.

આજે પણ ચૂંટણીના પરિણામ અંગે એ પૂછી રહ્યા હતા. 'કોણ જીતશે ?' ને આ વખતે મેં જુદું જ વિચાર્યું. 'દર વખતે જીતવામાં મજા નથી. કોઈવાર ખોટો પડુ તો એમને ય ગમે. સાચા પડયાનો હરખ થાય'. એટલે મેં જાણી જોઈને 'અજાણ્યું' નામ આપ્યું. એમણે આદરવશ ફરી ફરીને પૂછ્યું. આ વખતે જરા વધુ ઉલટતપાસ આદરી ને પોતાનો મત પ્રગટ કર્યો. પણ હું તો મારી વાતને વળગી જ રહ્યો. આ વખતે ભલે ખોટો પડુ. હારીને ય જીતવાની એક મજા છે ને ? આ મજા મારે માણવી હતી.

ને હું ધારતો'તો એમ જ થયું. હું ખોટો પડયો. આજે રમણલાલ પહેલીવાર સાચા ઠર્યા'તા. એ જે ધારતા'તા એમ જ બન્યું. હમણાં એ આવીને કહેવાના, 'કાં નરોત્તમ, બહુ ફેંકતો'તો ને તારા અભ્યાસના બણગાં ? લે, લેતો જા લાડવો. આજે હું સાચો પડયો. જોયોને બંદાનો ભડાકો ?'

પણ એ ન આવ્યા. એને બદલે એના પાડોશી અમૃતલાલ આવ્યા. ને આવતાંવેંત મારો ઉધડો લઈ રહ્યા, 'નરોત્તમાભાઈ, ભલા માણસ, તમે તો ભ ારે કરી. આવી તે સલાહ અપાતી હશે ?'

'પણ વાત શું છે ? થયું શું ?'

'અરે, આ તમારો રમણલાલ. આ વખતે વીસ હજાર ગુમાવી બેઠો. એણે શરત મારી'તી. આટલા વખતમાં આજે પહેલીવાર એ શરતમાં હાર્યો છે !'

ને હું કંપી ઊઠયો, 'મને શું ખબર કે . . ?'

(સાભારઃ 'ઓપિનિયન' લંડન)

## મૂર્તિ પૂજન અને પુરાણકથા

**રમણિકલાલ કાશીનાથ ભટ્ટ, યુકે**

મંદિર, મૂર્તિ ને અવતારવાદ સંકળાયેલા છે. તેમને વેદનું સમર્થન નથી જ. 'ન તસ્ય પ્રતિમા અસ્તિ' એ વેદવચન છે. 'તેની - ભગવાનની - મૂર્તિ નથી.' છતાં નેવું ટકા હિંદુઓને મૂર્તિપૂજનનું ઘેલું વળગ્યું હોવાથી તેનો સદંતર વિરોધ શક્ય નથી. હિંદુઓ એક મીટર ઊંચી મૂર્તિ ઉપર એક લોટો દૂધ ઢોળે તો જૈનો ચાલીસ મીટરની મૂર્તિ ઉપર દૂધના ઘડા ઢોળે. એ બાળકબુદ્ધિ છે. એ બધું દૂધ ગટરમાં જાય છે. દૂધ બાળકોને પીવા માટે છે અને જો વધારે હોય તો તેનો શીખંડ બનાવાય. આ રીતે વેડફી ન નખાય.

શાહબુદ્દિન ઘોરી સામે વીસ વખત નિષ્ફળ ગયેલી મૂર્તિ અત્યારે શા ખપની છે ? મૂર્તિ મનુષ્યનું રક્ષણ ન કરી શકે. માણસ જ મૂર્તિનું રક્ષણ કરી શકે. આટલી સમજણ ન હોય તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ. પાંચ કરોડ ડોલર કે પાંચસો કરોડ રૂપીઆને ખરચે મંદિર બંધાવો તો જ હું એમાં રહેવા આવીશ, એવું ભગવાને ક્યાંયે કહ્યું નથી. મનુષ્ય બધા ભૂખે મરે અને ભગવાન પકવાન આરોગે એ માનુષી જગતની વિકૃતિ છે. સુરેશ દલાલના સંતશિરોમણી કહે છે, 'મંદિરો તો વિદ્યાપીઠો છે !' તો પછી શાહબુદ્દિન ઘોરી તો મુલાકાતી અધ્યાપક જ હોવો જોઈએ. અજ્ઞાન કે અર્ધજ્ઞાનને ચગાવનારાને કોણ નાથશે ? ક્યારે નાથશે ?

જો કોઈપણ જાતનું ધોરણ ન રહે તો ઉંદર, વાંદરો, સર્પ, પાડો, વહેરે પણ પૂજાસ્થાને બેસી શકે.

વેદમાં ગણપતિ, ઈન્દ્ર, વરુણ, બ્રહ્મા, મરુત જેવા શબ્દો છે. તેના અર્થો જુદા જ છે. ત્યાં ગણપતિ એટલે લોકસ્વામી એવો અર્થ કરવાનો છે. ઈન્દ્ર એટલે રાજા, ધનિક, નેતા, વગેરે. મહાન યજ્ઞને વિષ્ણુ કહે છે. બ્રહ્મા મહાજ્ઞાનીને કહે છે. વેદને આધારે પુરાણોની બાળવાર્તાઓનું સમર્થન ન જ થઈ શકે. તો પછી વેદને બદલે ગણેશપુરાણ વાંચીને જ સંતોષ માનવો રહ્યો. નેવાનાં પાણી મોભે ન ચડે. દીકરી સગી મા કરતાં મોટી ન જ હોઈ શકે. વેદને જ સર્વોપરિતા આપી શકાય. પુરાણોનો અમુક ભાગ ઉત્તમ છે જે નવનીત રૂપે તારવી લેવાનું છે. બાકીની છાસ અંધશ્રદ્ધાળુ ને ગાયભેંસો માટે.!

**(શ્રી ર.કા.ભટ્ટે ૧૫૩૮ પાનાનું 'ચતુર્વેદ' નામે પુસ્તક રચ્યું છે. તેમાંથી આ ફકરા લીધેલા છે.)**

## ચેત મછંદર

હરનિશ જાની, અમેરિકા

(વાર્તાસંગ્રહ 'સુધન'માંથી)



બાબા ગોરખનાથે ગણેશને કહ્યું, 'મારી પાસે એક એવી સ્કીમ છે કે જેનાથી તું માલામાલ થઈ જઈશ અને મને ખાસ્સી પબ્લિસિટી મળશે. આ અમેરિકામાં મારું પોતાનું તો કોઈ છે નહીં. સારું થયું તું મળી ગયો. મને તારા જેવા વિશ્વાસુની જરૂર છે.

અમેરિકામાં ગણેશ શર્માનું વજન ૨૫૦ પાઉન્ડ હતું. ભારતમાં ૧૧૫ કિલો હતું. અમેરિકામાં 'ઓવરવેઈટ' હતો, ભારતમાં કોઠી હતો. આ વજન પીસ્તાલીશ વરસની માવજત પછી થયું હતું. આખી જિંદગી 'પેરાડાઈઝ હિંદુ લોજ'માં રસોયાની પદવી ભોગવવાનો આ પુરસ્કાર હતો. રસોઈ ચાખી ચાખીને વજન વધાર્યું હતું. લોજના ઓટલે જ સૂવાનું મળતું એટલે ફેમિલી લાઈફનો અંત ત્યાં જ આવી ગયો હતો. હવે બહેનની સિટિઝનશીપ પર તે અમેરિકા આવી ગયો હતો. મુંબઈનો રસોયો ન્યૂયોર્કમાં 'શેફ' બની ગયો હતો. દાળ-ભાત-શાક-રોટલી બનાવવાને બદલે હવે 'શેરે પંજાબ'માં તાદૂરી ચિકન અને નાન શેકતો થઈ ગયો હતો. પંજાબી ફૂડથી તેની ફાંદનું જતન થતું હતું. ગણેશને માથે એકેય વાળ નહોતો પણ સુંદર દાઢી રાખતો. તે માથાના વાળની ખોટ આ રીતે દૂર કરતો.

ગણેશને કદિ લાગતું નહોતું કે તે જાડિયો છે. પરંતુ અમેરિકન બેનબનેવી હેલ્થ કોન્શિયસ હતાં. બહેને પ્રસ્તાવ મૂક્યો, 'ભાઈ, તારે વજન ઘટાડવું પડશે.' ગણેશે પૂછ્યું, 'શા માટે ?' બેનબનેવીએ તેને પેન્સીલ્વાનીઆના ગોરખ આશ્રમમાં લઈ જવાનું નક્કી કર્યું.

દશ વરસ અગાઉ, ચાલીસેક વરસનો સંતોકરામ ન્યૂયોર્કના કેનેડી એરપોર્ટ પર ઉતર્યો હતો. એરપોર્ટ ઉપર તેણે એક વાત નોંધી કે આપણા દેશના પ્રમાણમાં અહીં જાડા સ્ત્રીપુરુષો ઘણાં છે. થોડા દિવસના વસવાટ પછી લાગ્યું કે બધા જ ડાયેટિંગ કરે છે. ખાસ કરીને, સ્ત્રીઓ, જે જાડી નથી તે તો ખાસ ડાયેટિંગ કરે છે. તે સ્ત્રીઓએ શરીરના ડાયેટિંગ કરવાને બદલે મગજના ડાયેટિંગ કરવા જોઈએ એમ સંતોકરામને લાગ્યું.

તે વિઝિટર વિઝા પર આવ્યો હતો. 'વિઝાકી એસી તેસી. આપણે અહીં જ રહેવાના.' એ એનો નિર્ણય હતો. મુંબઈની 'પેરેડાઈઝ હિન્દુ લોજ'માં અંધારિયા રસોઈઘરમાં મજૂરી કર્યા પછી નક્કી કર્યું હતું કે અમેરિકામાં રસોઈ કરવી નથી. તેના બાપા કહેતા, 'શિક્ષક થવું. છોકરાં ભણે કે ન ભણે, આપણને પગાર મળે. વકીલ થવું. કેસ જીતે કે હારે, આપણી ફી તો મળે જ. પરંતુ રસોયો ન રાંધે અનેકડિયો દિવાલ ન ચણે તો ભૂખે તો મરવું પણ ડંડા પડે તે નફામાં.'

સંતોકરામને વિચાર આવ્યો કે અમેરિકાના જાડા લોકોનો લાભ લેવો જોઈએ. તેમાં તેને અમેરિકામાં ઠરીઠામ થવાનો માર્ગ દેખાયો. લોકોના શરીર પર ઘણી ચરબી છે. અને જેના શરીર પર ચરબી નથી એ લોકોના મગજમાં ચરબી છે. અમેરિકાની આ ચરબીમાં ભારતીય વેદ પૂરાણની ભવ્ય સંસ્કૃતિનો મસાલો ભેળવીએ તો એક બેમિસાલ વાનગી તૈયાર થાય !

સંતોકરામે બીજું એ જોયું કે જ્યારે )ારત એકવીસમી સદીમાં પ્રયાણ કરી રહ્યું છે ત્યારે અમેરિકાના દેશીઓ ઓગણીસમી સદી તરફ જઈ રહ્યા છે. )ારતમાં ઠેર ઠેર સાયબરકાફે ખૂલી રહ્યા છે ત્યારે અમેરિકામાં દિવસ રાત નવાં મંદિરો બની રહ્યાં છે. દેશમાંથી દોરધાગાવાળા અમેરિકા આવીને વસી રહ્યાં છે. થોડા વખખતમાં અમેરિકામાં કૂંભમેળો )રાય તો નવાઈ નહીં. આ બધા અંધશ્રદ્ધાળુ લોકોના ઉદ્ધાર માટે સાધુસંતોના વેષમાં ભુવાઓ પણ આવી ગયા છે. સાચા સંત તો હિમાલય ગયા.

સંતોકરામે પણ આ પરિસ્થિતિનો લાભ લઈ આ દુઃખી આત્માઓનો ઉદ્ધાર કરવાનું નક્કી કર્યું. તેણે જોયું કે અમેરિકામાં વજન ઉતારવાની અબજો ડોલરની ઈન્ડસ્ટ્રી છે. હજારો જિમનેશિયમ કસરત કરવા માટે છે. હજારો પુસ્તકો લખાય છે. એરોબિક્સના સેંકડો વિડિયો બને છે. તો આ ઈન્ડસ્ટ્રીમાં કેમ ન જોડાવું ? ભારતીય વેદપુરાણની સંસ્કૃતિને વજન ઉતારવાના તુક્કામાં જોડવી જોઈએ. ઋષિમુનીઓના મંત્રોચ્ચાર આ અમેરિકાની ધરતી પર ગજાવો. જો નવગ્રહોને ખુશ રાખવાથી કોર્ટમાં કેસ જિતાતો હોય, પુત્ર જન્મ થતો હોય, ભાગી ગયેલી પત્ની પાછી આવતી હોય, તો તે ગ્રહોના મંત્રોચ્ચારથી વજન કેમ ન ઘટે ?

સંતોકરામે અમેરિકાની ધરતીનો અભ્યાસ કર્યો. સત્તર લાખ ભારતીયો અમેરિકામાં વસે છે. તેમાંના એક લાખ જાડિયાઓ આપણને વરસના ફક્ત દશ ડોલર આપે તો પણ મિલિયન ડોલર થાય. તેમાંના અર્ધા એડવર્ટાઈઝમાં ખર્ચાય તો બીજે વરસે બે મિલિયનની શક્યતા થાય. દશ ડોલરમાં આપણે તેને નવગ્રહોમાંથી કોઈપણ એક ગ્રહનો મંત્ર પકડાવી દેવાનો. શરત એટલી કે મંત્ર દરરોજ સવારે ન્હાયા પછી દશવાર જપવાનો. 'નો ડાયેટિંગ', 'નો કસરત', વજન ઉતરશે. વરસ પછી કોઈ નવરો ફરિયાદ કરવા આવે તો કહી દેવાનું, 'તમારી સાધનામાં ભલીવાર નહિ હોય.' અમેરિકામાં દશ ડોલર શું ચીઝ છે ? પીઝ્ઝા પણ દશ ડોલરમાં નથી મળતી.

સંતોકરામે વિચાર્યું કે મંત્રોચ્ચારથી વજન ઘટે કે ન ઘટે તે અગત્યનું નથી. પરંતુ ગ્રહોના મંત્રોથી વજન ઘટી શકે એ વિચાર આ દોરાધાગાવાળી પ્રજાને વેચવાનો છે ! ખૂબી એટલી જ છે. મારે એટલી જ બુદ્ધિ વાપરવાની છે. દશ ડોલર એના છે !

શરૂઆતમાં તેણે મેઈલઓર્ડરથી ધંધો પોતાના સ્ટુડિયો અપાર્ટમેન્ટમાંથી ચાલુ કર્યો. જન્મ તારીખ આપો, દશ ડોલર મોકલો. 'બાબા ગોરખનાથ' તમને મંત્ર મોકલશે. ધાર્યું વજન પામશો. વાત સીધી હતી. કોઈ ગોરખધંધો નહોતો. 'ગોરખનાથ' ની આગળ 'બાબા' લગાવી દીધું. જેથી મુસલમાન બિરાદરોને આકર્ષી શકાય. બાબા ગોરખનાથ તેમને અજમેરથી મંત્રાવેલું તાવીજ મગાવી આપશે.

તેણે સૌ પ્રથમ કામ કર્યું એડવર્ટાઈઝ આપવાનું. સંતોકરામનો મંત્ર હતો, 'અરલી ટુ બેડ, અરલી ટુ રાઈઝ, વર્ક લિટલ એન્ડ એડવર્ટાઈઝ' તે માનતો કે જાહેરાત વગરનો ધંધો એટલે અંધારામાં કોઈ છોકરીને આંખ મારીએ તેવો. તમે શું કરો છો તે તમને ખબર છે, પરંતુ બીજા કોઈને ખબર નથી.

આ ન્યૂઝપેપરમાં ને તે ન્યૂઝપેપરમાં બાબાએ ફૂલપેજ જાહેરખબરો આપવા માંડી. થોડા મેઈલ આર્ડર આવવા માંડયા. ન્યૂઝપેપરોની પાંચદશ હજાર નકલો પૂરતી નહોતી. કહેવાની જરૂર નથી કે હવે બાબા ગોરખનાથની અલગ ઓફિસ છે. ચાર પાંચ છોકરીઓનો સ્ટાફ છે. બાબાની જાહેરખબર પણ કેવી ? મોટા અક્ષરે 'મની બેક ગેરન્ટી', 'ગ્રહોની શાંતિ, શરીરની ક્રાન્તિ', 'સ્થાપના ૧૯૫૨', ફોન નંબર, ફેક્ષ નંબર, ઈમેલ, બધું જ છાપતાં.

દેશપરદેશમાં લોકો શંકાશીલ થઈને અંદરોઅંદર વાતો કરવા લાગ્યા આ વિજ્ઞાનના યુગમાં આવું બને ખરું ? ખોરાકની કેલરી અને આ મંત્રોચ્ચારને સંબંધ ક્યાંથી હોઈ શકે ? તેમ છતાં મેઈલ ઓર્ડરના પ્રવાહમાં કોઈ ભંગ ન થયો. કોઈ ન જાણે તેમ ડોક્ટરો પણ દશ ડોલર મોકલવા લાગ્યા.

બાબા હવે ટીવી પર ઝળક્યા. બાબાએ વિચાર્યું ૨૫૦ મિલિયન અમેરિકનોમાં ૧૫૦ મિલિયન જાડિયાઓ હશે. તેમને પણ સમદષ્ટિ. રાખીને લાભ આપવો જોઈએ. આ ભણેલી પ્રજાને પણ અંધશ્રદ્ધા છોડતી નથી. ન્યૂયોર્કમાં વહુમાળી મકાનોમાં બારમા માળ પછી સીધો ચૌદમો માળ હોય છે કારણ કે આ ભણેલાઓ તેરના આંકડાથી ગભરાય છે. વર્જીન મેરીની આરસપહાણની મૂર્તિની આંખમાંથી આંસુ સરે છે એ જોવા હજારો માણસો ઉમટે છે. તો આ લોકોને આપણા હજારો વરસો જૂના ઋષિમુનિઓના મંત્રોચ્ચારનો જાદુ સમજાવવો અઘરો નથી.

બાબા ગોરખનાથ મંદ મંદ હસતા રહ્યા !

આજે પાંચ વર્ષ વિતી ગયાં, બાબા ગોરખનાથના આશ્રમ શરૂ થયે. પેન્સીલવાનીઆના પોકોનોઝ માઉન્ટનમાં ૫૦ એકર જમીન પર ખૂબ રમણીય જગ્યામાં, વચ્ચે આશ્રમનું ભવ્ય મકાન છે. આજુબાજુ રહેવાના સુંદર નાના નાના કોટેજ છે જેમાં જાડા લોકો રહે છે. એક વિકેન્ડના બાબા હજાર ડોલર ચાર્જ કરે છે.

સોએક જણ 'ફિઝીકલ થેરપી થ્રૂ સ્પિરિચ્યુઅલ થેરપી' મેળવવા માટે હંમેશાં રહેતાં હોય છે. આશ્રમમાં ક્યારેય અગિયારશ કે ઉપવાસનું નામ નહિ લેવાનું. સમોસા-પકોડા-ગુલાબજાંબુ બધું ભરપૂર મળે છે. ખાવું હોય તે ખાવાનું પરંતુ મંત્રજાપ ચૂકવાનો નહિ. બાબા ગોરખનાથે આશ્રમમાં એકે વજનકાંટો રાખ્યો નથી. વજન ઘેર જઈને માપવું. અહીં તો મંત્ર તમારા શરીરનું જતન કરે છે. બાબા પાસે સર્વ પ્રકારની વાનગીઓ છે. ભાવુકો જાડા થાય છે. તેમનું વજન ઉતરે કે ન ઉતરે પણ તેમને હંમેશાં એમ લાગે છે કે તેઓ વજન ઉતારે છે. ખાવું હોય તે ખાય. મંત્રોચ્ચાર કરે છે. 'નો કસરત', 'નો ડાયેટિંગ'.

છેવટે એક દિવસે બેનબનેવી ગણેશને ગોરખ આશ્રમ પર ઢસડી લાવ્યાં. આશ્રમના એરકન્ડીશન્ડ રૂમમાં બધાં ભાવુકો ગોરખનાથની હાજરીમાં મંત્રોચ્ચાર કરતાં હતાં. ગણેશ ગોરખનાથની સામે ગોઠવાયો. તેણે ગોરખનાથને જોયા. તાકી તાકીને જોયા. આમને ક્યાંક જોયા છે, એમ તેણે

વિચાર્યું ગોરખનાથની આંખો ખૂલી. તેમણે ગણેશને જોયો. ફરીથી જોયો, અને સ્મિત કર્યું. ગણેશની બત્તી ઝબકી. 'આ તો મારો બેટો સંતોકરામ'.તેણે સામે સ્મિત કર્યું.

મંત્રજાપનું કામ પત્યું સૌના વિખેરાયા પછી બાબા ગણેશને પોતાના પ્રાઈવેટ રૂમમાં લઈ ગયા. બન્ને એકબીજાને ભેટયા. ગુડ ઓલ્ડ ડેઈઝની વાતો કરી. પેરેડાઈઝ હિન્દુ લોજ"ને સંભારી. ગણેશે હસીને કહ્યું, 'લે, તું તો દેશમાં 'મહારાજ' હતો અને અહીં પણ 'મહારાજ' રહ્યો.'

ગણેશે જોયું તો એ રૂમમાં મહાત્માઓના ફોટા લટકાવ્યા હતા. બાબા બોલ્યા, 'આ મારો પ્રેરણા રૂમ છે. આ ફોટાઓ કરોડપતિ સાધુઓના છે. અહીં રામકૃષ્ણ પરમહંશ કે સ્વામી વિવેકાનંદ જેવા સંતો ન શોભે. આ સાધુઓ અમેરિકામાં વારતહેવારે અમેરિકાના ભારતીયોનો ઉદ્ધાર કરવા આવે છે. '

ગણેશ બોલ્યો, 'તેં તો ભગવાન રજનીશનો પણ ફોટો રાખ્યો છે ને !'

બાબા બોલ્યા, 'ફોટો તો મારે રોલ્સ રોઈસનો લટકાવવો હતો પણ સાથે તેમાં બેઠેલા રજનીશ પણ આવી ગયા.'

ગણેશ કહે, ' આ ખાલી ફ્રેમો કેમ લટકાવી છે ?'

'ગાંડા, એ તો 'પંડિત મહારાજ' અને 'સૈયદ પીર'ની જાહેર ખબરનાં કટીંગ્સ છે. તે લોકોની પ્રેરણાથી તો આપણે આ પ્રવૃત્તિ ચાલુ કરી છે. એમના દોરાધાગા પાછળ લોકો દોડે છે તો આપણા મંત્રો  પણ તેમને આકર્ષે છે. જો તું કેવો દોડતો આવી ગયો ?'

બાબાએ ગણેશને તથા તેના બેનબનેવીને મહાપ્રસાદ જમીને જવાનો આગ્રહ કર્યો. ગણેશ જાતજાતની મીઠાઈઓ જોઈને ખૂશ થઈ ગયો. બાબા ગોરખનાથે ગણેશને કહ્યું, 'આવતા વીકએન્ડમાં તું એકલો આવજે.'

બીજા શનીવારે ગણેશ બાબાના 'ગોરખ આશ્રમ' પર ગયો બાબા રાહ જોતા હતા. તેને પોતાના પ્રાઈવેટ રૂમમાં લઈ ગયા. પછી બોલ્યા, 'જો આ કોન્ટ્રેક્ટ. મેં વકીલ પાસે બનાવરાવ્યો છે. તેમાં હું તને ગેરન્ટી આપું છું કે એક વરસમાં મારે મંત્રો વડે તારું વજન સો પાઉન્ડ ઉતારી દેવું. ઉતરે છે એવો ભાસ દરેકને થાય છે. પણ તારું સો પાઉન્ડ વજન ઉતરવાનું નથી. એટલે તારે મારા પર કોર્ટમાં દાવો માંડવાનો, પાંચદશ મિલિયનનો. મેં મારા ધંધા પર કરોડોનો વીમો ઉતરાવ્યો છે. આ દેશમાં તો કોફીનો કપ એક સ્ત્રી પર પડયો ને તે દાઝી ગઈ. સ્ટોરવાળાએ ૫૦ લાખ ચૂકવવા પડયા. આવા ખેલ આ દેશમાં બહુ થતા હોય છે. તારું વજન ઉતરે નહિ એટલે તું જરૂર જીતીશ.'

ગણેશે કહ્યું, 'પણ હું ન જીતું તો ?'

બાબાએ કહ્યું, 'તું કેમ ન જીતે ? તારા માટે કોઈ જ્યુઈશ લોયર ગોતીશું અને મારા માટા ઈમેગ્રેશનવાળા દેશી વકીલને પકડીશું.'

બાબાએ વાત આગળ ચલાવી, 'આપણે જે પૈસાની વાત કરીએ છીએ તે મારી વીમા કંપની તરફથી મળશે. અને જે કાંઈ પૈસા તને મળે તેમાં અર્ધો ભાગ મારો. તને ને મને પૈસા મળશે અને પબ્લિસિટી મળશે તે નફામાં.'

ગણેશે કશું ગુમાવવાનું હતું નહિ, વજન પણ નહિ. તે સંમત થઈ ગયો. કોન્ટ્રેક્ટ પર સહી કરી આપી. બાબા ગોરખનાથ પોતે જ નોટરી પબ્લિક હતા. ભોજન પર પ્રતિબંધ નથી તેનો આનંદ ગણેશને હતો. દર મહિને બાબાને વજનનો રિપોર્ટ આપવાનો અને શક્ય હોય તો ગોરખ આશ્રમ પર ચક્કર લગાવી જવું અને મહાપ્રસાદ જમી જાવો. બાબા ગોરખનાથે ગણેશને ગુરૂના ગ્રહનો મંત્ર પકડાવ્યો. રોજ સવારે દશવાર જાપ કરવાની સલાહ આપી અને તેઓ છૂટા પડયા.

પહેલા મહિને ગણેશનો ફોન આવ્યો કે તેનું વજન દશ પાઉન્ડ ઓછું થયું છે. બાબાને એમ કહેશે કે ગણેશ એક ટંક ન જમે તો પણ દશ પાઉન્ડ વજન તો ઉતરે. બીજા મહિને ગણેશનો ફોન આવ્યો કે તે મંત્રોચ્ચાર બરાબર કરે છે અને બીજા દશ પાઉન્ડ વજન ઘટયું છે. બાબાએ વાત હસિ કાઢી. ત્રીજા મહિને બાબાએ તેને મળવા બોલાવ્યો. ગણેશે ખાસ્સી ત્રીસ પાઉન્ડની ચરબી ઉતારી હતી. બાબાએ તેને સમોસા, ગુલાબજાંબુ, પુરીઓનો છપ્પન ભ ોગ ખવડાવીને ઘેર મોકલ્યો. બે મહિના પછી ગણેશે બાબાને કહ્યું કે તેનું વજન પચાસ પાઉન્ડ ઓછું થયું છે. હવે બાબા ગૂંચવાયા, 'સાલા, આ મંત્રો તો સાચા લાગે છે !' ગણેશે કહ્યું કે ખોરાક તો એનો એ જ છે. બાબાએ તેને ગુરૂના મંત્ર પરથી લઈ લીધો અને શનીના મંત્ર પર મૂક્યો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં ગણેશ એક નાનકડી વાત કહેવાનું ભૂલી ગયો હતો કે તેણે ઘર બદલ્યું હતું અને હવે લીફ્ટ વગરના બહુમાળી મકાનમાં પાંચમે માળે રહેતો હતો અને રોજ પાંચ-છ વાર ઉપર-નીચે જવું પડતું હતું.

બાબએ જોયું તો શની મહારાજે પણ કોઈ ધાર્યો ચમત્કાર ન કર્યો અને ગણેશ વજન ગુમાવતો રહ્યો. દશ મહિને જ્યારે ગણેશ તેમને મળવા આવ્યો ત્યારે તેનું વજન પૂરા સો પાઉન્ડ ઉતરી ગયું હતું. બાબાના હાથમાંથી વધારે પૈસાદાર થવાની સ્કીમ છટકી ગઈ. આશ્ચર્ય તો એ વાતનું હતું કે 'સાલા, ગ્રહોના મંત્રો વજન ઘટાડી શકે છે.'

નિરાશ ન થતાં બાબા ગોરખનાથે ગણેશને કહ્યું, 'મને બેપાંચ દિવસ આપ, અને રવિવારના ન્યૂઝપેપરમાં આપણી નવી જાહેરખબર જોવા મળશે. પછી આપણે નવો કોન્ટ્રેક્ટ કરીશું.'

બીજા રવિવારે ગણેશે છાપું જોયું. તેમાં ફૂલ પેજ જાહેરાત હતી.

'ગ્રહોના મંત્રોચ્ચારથી માથાના વાળ ઉગાડો - બાબા ગોરખનાથ.'

## મૃત્યુનું સ્વરૂપ

**શ્રી પૂજ્ય મોટા**

મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધું છે એવું છે જ નહિ. મનુષ્યે પોતાની નિર્બળતાની ક્ષણમાં એને ભયાનક વસ્તુ તરીકે ઓળખાવી છે. અને એ જ વિચાર કે લાગણીને એ પોષ્યા કરે છે. એટલે મૃત્યુ માનવીની નજરે ખૂબ જ ભયંકર દેખાય છે. પણ એમાં સાચી વસ્તુ વિષેનું અજ્ઞાન છે. પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલી જ મહત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ એ બંનેનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. જ્યાં મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે. ને જ્યાં જીવન છે ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે. અથવા એમ પણ કહી શકાય કે પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે. એટલે કે તેનું જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે. આમ મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે. પણ તેમાં આપણે આકાશપાતાળનો ભેદ પાડી નાખ્યો છે. ને મૃત્યુ જેવી એક સામાન્ય અને સ્વભાવિક સ્થિતિને અકારી કરી મૂકી છે. મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગળકારી છે.

## मेघदूतम्

**(संपादकः डो.गौतम पटेल)**

तं चेद्वायौ सरति सरलस्कन्धसन्घट्टजन्मा
बाधेतोल्काक्षपितचमरीबालभारो दवाग्निः ।
अर्हस्येनं शमयितुलं वारिधारासहस्रै
रापन्नार्तिप्रशमनफलां सम्पदो ह्युत्तमानाम् ॥५५॥
ये संरम्भोत्पतनरभसाः स्वान्गभन्गाय तस्मि
न्मुक्ताध्वानं सपदि शरभा लन्घयेयुर्भुवन्तम् ।
तान्कुर्विथास्तुमुकरकावृष्टिपातावकीर्णान्के
वा न स्युः परिभवपदं निष्फलराम्भयलाः ॥५६॥
ओगस्ट ०७

## મેઘદૂત

**(સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)**

પીડે તેને, અનિલ વહંતા દેવદારો ઘસાતાં
જન્મેલો જો અનલ, ચમરીપુચ્છ બાળી સ્ફુલિંગે,
એનું તારે શમન કરવું યોગ્ય, ધારાસહસ્રે.
આર્તો કેરાં દુઃખ શમવવા સંપદો સજ્જનોની. (૫૫)
ગુસ્સે કૂદી ઉપર ઝડપે, માર્ગથી દૂર તુંને
ઓળંગે ત્યાં તરત શરભો સ્વાંગના ભંગ કાજે,
તો તેઓને અતિશય કરાવૃષ્ટિથી તું વિખેર,
કો ના પામે પરિભવ, કરી મોઘકાર્યે પ્રયત્નો ? (૫૬)ઓગસ્ટ ૦૭

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghaduta of Kalidas (Editor: Dr.Gautam Patel)

If the forest fire caused by the friction of the branches of the Devdaru trees, by the blowing of the winds, burns the hair on the tail of chamari cows, it will be appropriate for you to extinguish it with your mltiplied shower; for the riches of the great serve to relieve the misery of the suffering. (55)

O cloud, run the Sarbahas helter skelter with your might shower of hail stones when out of anger unable to bear your thunder, they abandon their path trying to cross you to get their own bodies sheltered; for who dose not meet defeat whose intial efforts bear no fruits. (56) August 07

To be continued: Two verses will be published in every issue.)